**મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલત નં.૪ ના પ્રિસાઈડીંગ ઓફિસર**
**સમક્ષ, મુ.અમદાવાદ.**

**રેફરન્સ (ટી) કેસ નં.૫૨૫/૨૦૧૯**
**આંક: ૫**

**પ્રથમ પક્ષકાર ::–** **વિધિતા પેટ્રોલીયમ લી.,**
આસીમા મીલની સામે, ન્યુ કોટન રોડ,
અનુપમ સિનેમા પાસે, ખોખરા, અમદાવાદ.

**– : વિરુધ્ધ : –**

**બીજા પક્ષકાર ::–** **હરીશરામ ધીરજ પાન્ડે,**
સી–૧૦૩, રામોલ રેસીડેન્સી, વટવા કેનાલ રોડ,
વટવા, અમદાવાદ.

**પ્રતિનિધિઓ :–**
**પ્રથમ પક્ષકાર તરફે:–** **વિ.વ. શ્રી જયેશ એન. મહેતા**
**બીજા પક્ષકાર તરફે:–** –

**:: એ વો ર્ડ :: –**

૧) સદર કામના બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવા કે કેમ ? તેના ન્યાય નિર્ણય સારૂ સદરહુ રેફરન્સ મદદનીશ મજુર કમિશનર, અમદાવાદના તા.૦૩/૦૪/૨૦૧૯ ના હુકમ ક્રમાંક : નાશ્રઆ/અવિ/વિભાગ–૨/આઈડીઆર.નં.૩૯૩/વર્ષ–૧૮/૭૧૭૧ થી મજુર અદાલત, અમદાવાદને સુપ્રત કરવામાં આવેલ, ત્યારબાદ સરકારશ્રીના યોગ્ય ઓથોરીટીના વખતોવખતના હુકમોથી સદરહુ રેફરન્સ અત્રેની અદાલત ને તબદીલ કરવામાં આવેલ છે.

૨) આ કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકારને હવે પછી સામાવાળા તરીકે અને બીજા પક્ષકારને અરજદાર/કામદાર તરીકે સંબોધવામાં આવશે.

3) હાલનુ કામ મજુર અદાલત અમદાવાદને મળતા પક્ષકારોને નોટીસ કરતા, જે નોટીસ રજીસ્ટર પોસ્ટ એ.ડી. મારફતે કામદારને બજેલ હોવાની પોસ્ટ ખાતાની પાવતી આંક-૨ થી રજુ થયેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાને નોટીસની બજવણી કરતાં, તેઓ આંક-૩ ના વકીલપત્રથી વકીલશ્રી જયેશ એન. મહેતા મારફતે હાજર થયેલ છે. સંસ્થા તરફે આંક-૪ થી અરજી આપી અરજદારનો માંગણા નિવેદન રજુ કરવાનો હકક બંધ કરવા અરજ ગુજારતાં, આંક-૪ ની અરજી લગત થયેલ હુકમ મુજબ અરજદારની ગેરહાજરીના કારણે તેમનો માંગણા નિવેદન રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. આ કામે બીજા પક્ષકાર કામદાર તરફે રેફરન્સ ની અનુસૂચિના સમર્થનમાં આ કામે હાજર થઈ તેમનુ કોઈ માંગણા નિવેદન રજુ કરવામાં આવેલ નથી.આ કામે બીજા પક્ષકારને વ્યાજબી તકો આપેલ હોવા છતાં કોઈ માંગણાનું નિવેદન રજુ કરેલ નથી.કેસનું રેકર્ડ જોતાં અરજદારને તેમના કેસમાં રસ ન હોવાનું સ્પષ્ટ પણે જણાય છે.આમ આ કામે આંક -૧ ની અનુસૂચિમાં જણાવેલ વિધાનો સાબિત કરવા અરજદાર તર્ફે આ કામે હાજર થઈ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોવાથી,આ કામના અરજદાર રેફરન્સની અનુસુચિ મુજબ, પડેલા દિવસોના પુરા પગાર સાથે મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત થવા હકકદાર બનતા હોવાનું અરજદાર તર્ફે સાબિત થયેલ નથી. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) અરજદાર/કામદારનો રેફરન્સ(ટી) નં.૫૨૫/૨૦૧૯ માંગણા નિવેદનના અભાવે અને અરજદાર/કામદારની ગેરહાજરીના કારણે નામંજુર (રદ) કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**અમદાવાદ.**
તા.૦૭/૦૫/૨૦૨૨.

**(દિપક હસમુખભાઈ ખંભાતી)**
**ન્યાયાધીશ(સી.ડી)**
**મજુર અદાલત, અમદાવાદ,**
**(જીજે.૦૦૮૬૬)**